CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪

આપણા ભારતીયોની સવાર તો ચા અને છાપાથી જ થતી હોય છે. સુરતીઓમાં તો છેલ્લા કેટલાંક સમયથી ચા કલ્ચર ખાસ્સું વિકસ્યું છે. સાંજ ઢળવાની શરૂઆત થતા જ યંગસ્ટર્સની ચા ના આઉટલેટ અને સ્પેશ્યલ ચા માટે જ બનેલા કાફેઝમાં મહેફિલ જામે છે. ચાની ચુસ્કી લેવાની સાથે ગામગપાટાનો દોર ચાલે છે. ચા માટે એવું કહેવાય છે કે ચા એક ઇમોશન છે. કડક, મસાલેદાર ચા પીને માણસ તરો-તાજા થઇ જાય છે. હવે દરેક વસ્તુમાં હેલ્થને પ્રાધાન્ય આપનાર સુરતીઓ હેલ્ધી 'ટી' ની ડિમાન્ડ કરે છે. ચાલો આપણે જાણીએ સુરતી યંગસ્ટર્સ, સુરતી મહિલાઓ, એજેડ પીપલ, જીમિંગ કરતા યંગસ્ટર્સ કેવા પ્રકારની ચાની ડિમાન્ડ કરવા લાગ્યા છે અને વોટર બેઝડ ચા કેમ વધારે પ્રિફર કરાય છે, તે કેવી રીતે બને છે અને તેના ટેસ્ટ કેવા હોય છે...

# સુરતી યંગસ્ટર્સ હેલ્થ મેન્ટેન રાખતી અને સ્કિન ગ્લો કરતી ચાના બન્યા શોખીન




## ધી રુબી હેવન સ્કિન ગ્લો કરે છે એટલે મહિલાઓની પસંદ છે, તેનો કલર છે રુબી જેવો રેડ



આ ચામાં હિબિસ્કસ (જાસૂદ), પીપરમિન્ટ અને ગ્રીન ટી હોય છે. આ ચા પીવાથી સ્કિન ગ્લો કરે છે અને પેટ સંબંધિત સમસ્યામાં પણ ફાયદાકારક છે. સ્કિન ગ્લોઈંગ માટે સ્ત્રીઓ આ ટી પીવાનું વધારે પસંદ કરે છે. 15થી 45 વર્ષની મહિલાઓમાં પ્રિય બનેલી આ ચા નેચરલી સ્વીટ હોય છે. તેનો કલર રુબી જેવો રેડ હોવાથી તેને ધી રુબી હેવન ચા કહેવાય છે.

## જીમિંગ કરનારા લોકો પાવર હાઉસ ચા પસંદ કરે છે



યંગસ્ટર્સ જિમમાં જાય છે તેઓ આ કેફેન ફ્રી પાવર હાઉસ ટી પસંદ કરે છે. તે બોડી સ્ટ્રોંગ કરવા અને ઇમ્યુનિટી બુસ્ટ કરવા સુરતમાં 2થી 3 વર્ષથી આ ચા પીવાનું ચલણ વધ્યું છે. ગોલ્ડન કલરની આ ચા સવારે, બપોરે રાત્રે પીવાય છે. આમાં વધારે માત્રામાં હર્બ્સ હોય છે. તેમાં પીપરમિન્ટ, વાના તુલસી અને રોઝ પેટલ હોય છે. તે નેચરલી સ્વીટ લાગે છે જોકે, બહુ સ્વીટ ન હોવાથી. યંગસ્ટર્સ અને એજેડ લોકોમાં તે ફેવરિટ બનવા લાગી છે.

## કોવિડ પછી હર્બ્સની વોટર બેઝડ ચા પીવાનું વધતું વધતું ચલણ : મિતેશ દીયોરા



મિતેશભાઈએ જણાવ્યું કે આજના યંગસ્ટર્સ હેલ્ધી ખાવાનું અને હેલ્ધી ચા પીવાનું પ્રિફર કરવા લાગ્યા છે ખાસ કરીને કોવિડ બાદ. વોટર બેઝડ અને ઇમ્યુનિટી બુસ્ટ કરતા, માઇન્ડને પીસફૂલ રાખતા હર્બ્સ (જડીબુટ્ટીઓ) ની ચા પીવાનું વલણ વધ્યું છે. આવી વોટર બેઝડ ચામાં સ્વીટનેસ નથી હોતી અથવા તે નેચરલ સ્વીટ હોય છે. સુરતના વિવિધ કાફેઝમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી ખાસ કરીને બપોરે અને રાત્રીના સમયમાં આ ચાની ચુસકી લેતા યંગસ્ટર્સ રિલેક્સ્ડ ફીલ કરે છે.



## અર્લ ગ્રે ટી મગજને શાંત રાખવા પીવાય છે, સ્ટુડન્ટ્સમાં છે પોપ્યુલર

અર્લ ગ્રે ટી સુરતી સ્ટુડન્ટ્સ વધારે પસંદ કરવા લાગ્યા છે. તે મગજને શાંત રાખે છે, એનર્જી આપે છે રાત્રે સ્ટડી કરવા માંગતા સ્ટુડન્ટ્સ આ ચા પીવાનું પ્રિફર કરવા લાગ્યા છે. તે વોટર બેઝડ ટી હોવાથી હેલ્ધી ગણાય છે. જોકે તેનો ટેસ્ટ તૂરો હોય છે.



## 40થી વધુ ઉંમરના લોકો ઈંગ્લીશ બ્રેકફાસ્ટ ટી પ્રિફર કરે છે

આ એક વોટર બેઝડ ટી છે. આમ તો સુરતમાં આ ચા 5-6 વર્ષથી પીવાય છે પણ કોવિડ પછી તેને પીવાનું ચલણ વધ્યું છે. આ ચા સુરતી લોકો વીન્ટરમાં પીવાનું પસંદ કરે છે કેમકે તેમાં હોટ (ગરમ) સ્પાઇસીસ હોય છે. તેમાં મેન્થોલ અને સીનેમન હોય છે. સ્વીટનેસ આ ચામાં નથી તે 40થી વધુ ઉંમરના લોકોમાં આ ચા ફેમસ છે.

## અલગ અલગ ફ્લેવરની ચા પીનારને રોઝ પેટલ, મેંગો ટી છે પસંદ

એક કાફે ના સંચાલક મિતુલ પડશાળાએ જણાવ્યું કે, રોઝ પેટલ, મેંગો, પાન અને રબડી ફ્લેવરની ચા પણ સુરતી યંગસ્ટર્સ પસંદ કરી રહ્યા છે. આ ચા મિલ્ક બેઝડ હોય છે અને સુગર પણ હોય છે. સ્પેશ્યલી આ ફ્લેવર્સની ટી સમરમાં વધુ પીવાનું ચલણ જોવા મળી રહ્યું છે. આમાં રોઝ પેટલ, મેંગો વગેરેનો સીરપ એડ કરાય છે.



CREATIVE માઈન્ડ્સ

# 150 વર્ષ જૂના એન્ટિક વાસણોનો છે ખજાનો, યુનિક નંબરની નોટોનું કલેક્શન છે અનુઠું

સુરતી લોકો જેટલા ખાવાના શોખીન છે એટલા જ એન્ટિક વસ્તુઓના શોખીન પણ છે. જુના સમયના સુરતીઓને એન્ટિક વસ્તુઓના સંગ્રહનો ખુબ શોખ હતો. હજી પણ ઘણા સુરતીઓ યુનિક કહી શકાય તેવી વસ્તુઓથી ઘરને સજાવી દે છે. એવા જ શોખીન છે અમિતભાઇ જરીવાલા. તેમના ઘરમાં પ્રવેશતા જ ખ્યાલ આવી જાય કે તેઓ કલાત્મક એન્ટિક વસ્તુઓના કદરદાન છે. તેમનું ઘર કલાત્મક વસ્તુઓથી ડેકોરેટ કરાયું છે. અમિતભાઇ પાસે 100-150 વર્ષ જૂના વાસણો, ગણપતિ દાદાની મૂર્તિઓનો ખજાનો છે. આ ઉપરાંત તેમણે કઇ કઇ વસ્તુઓનો સંગ્રહ કર્યો છે, અને આવો શોખ તેમને કેમ છે ? તે અહીં જાણીએ...



## 100-150 વર્ષ જુના દેગડા, કુંજા સહિત એન્ટિક વાસણોનો છે ખજાનો

અમિતભાઈએ જણાવ્યું કે, મારી પાસે એન્ટિક વાસણોનો ખજાનો છે. 100થી 150 વર્ષ જુના 15થી વધારે પિત્તળ અને તાંબાના દેગડા અને તેટલા જ કુંજા ( વોટર જગ), મોટી સંખ્યામાં તપેલા, તપેલાના ઢાંકણા, મોટા થાળા, વૈષ્ણવોના ઘરમાં હોય તેવા નળવાળા ઘડા, પૂજાના તાંબાના વાસણો, ખાંડણી-દસ્તો, લોટા છે. મારા દાદા, ફોઈ, મામા તરફથી મને આ વાસણોનો ખજાનો મળ્યો છે. આમાંના કેટલાક વાસણો તો અમે હજી પણ યુઝ કરીએ છીએ. મારા જુના ઘરમાં પણ વાસણોનો ખજાનો છે.



## 24 વર્ષ પહેલાં ખરીદેલું કરન્સી નોટોના કતરણનું પેપર વેઇટ છે યુનિક

અમિતભાઈએ જણાવ્યું કે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા જૂની ફાટી ગયેલી કરન્સી નોટોનો નિકાલ કરતી હોય છે. કરન્સી નોટોની કતરણમાંથી પેપર વેઈટ બનાવે છે. RBI દ્વારા સુરતમાં ઈન્ડોર સ્ટેડિયમમાં લગભગ 25 વર્ષ પહેલાં એક પ્રદર્શનનું આયોજન કરાયું હતું. તેમાં કરન્સી નોટોના કતરણનું પેપર વેઈટ મેં જોયું હતું જે મને યુનિક લાગતા મેં ખરીદી લીધું હતું. આ પેપર વેઈટ લગભગ 250 ગ્રામનું છે અને તે લગભગ બધા જ પ્રકારની નોટો 10, 20, 50, 100 વગેરે નોટોની કતરણથી બનાવ્યું છે.

## 45થી વધારે ગણેશજીની મૂર્તિઓ છે અટ્રેકટિવ, 30 વર્ષથી કરે છે કલેક્શન



અમિતભાઈએ જણાવ્યું કે, મારા ઘરમાં 45થી વધારે શ્રી ગણેશજીની અટ્રેકટિવ મૂર્તિઓ છે. 1993થી મને ગણેશજીની મૂર્તિઓના કલેક્શનનો શોખ છે. મેં આ મૂર્તિઓ કુલુ મનાલી, બનારસ, પુણેથી મેળવી છે. કેટલીક મૂર્તિઓ ફ્રેન્ડ્સ તરફથી ગિફ્ટમાં મળી છે. કઠોળની બનાવેલી અઢી ઈંચની મૂર્તિ મેં 98ના વર્ષમાં કુલુ મનાલીથી મેળવી હતી. તો નારિયેળના રેસા અને છોડામાંથી બનેલી મૂર્તિ સુરતની જ બનેલી છે. કાર્વ કરેલી મૂર્તિ મને ફ્રેન્ડ તરફથી તો એક કાંચની મૂર્તિ મારા ભાઈ તરફથી મળી હતી. મારી પાસે વુડનની 8 મૂર્તિઓ છે જે મેં બનારસથી મેળવી હતી. આ ઉપરાંત માટી, ચાંદી, POPની મૂર્તિ પણ છે. મારી વાઈફ મમતા મહારાષ્ટ્રમાં રહી ચુકી છે, તેને ગણેશજી પ્રત્યે ખૂબ આસ્થા છે એટલે પણ મને ગણેશજીની મૂર્તિઓના સંગ્રહનો શોખ છે.

## રામાયણ, મહાભારતની સિરીઝ, લાડુ સહિતના સ્ટેમ્પનું કલેક્શન છે યુનિક



અમિતભાઈએ જણાવ્યું કે હું કોલેજમાં ભણતો હતો ત્યારથી મને સ્ટેમ્પ કલેક્શનનો શોખ છે. મારી પાસે 500થી વધારે સ્ટેમ્પ છે જે મેં સુરતની પોસ્ટ ઓફિસોમાંથી જ મેળવ્યા છે. રામાયણ, મહાભારતના પ્રસંગોની સિરીઝ, લાડુ સહિતના વ્યંજનોની સ્ટેમ્પ, 1857ના વિપ્લવના સ્ટેમ્પ, ફર્સ્ટ ડે કવર એટલે કે જે દિવસે કવર બહાર પડે તે પછી ના દિવસે આવા કવર નહીં મળે તેને ફર્સ્ટ ડે કવર કહેવાય. તેવા કવર અને પહેલા લેટર પોસ્ટ માટેના ડબ્બા હતા તેવા લાલ રંગના પોસ્ટના ડબ્બાના સ્ટેમ્પ પણ મેં સંગ્રહ કરીને રાખ્યા છે. સ્ટેમ્પ મેળવવા હું પોસ્ટ ઓફિસમાં એડવાન્સમાં પૈસા ભરૂ છું.



## ગાંધીજીનું ચિત્ર નહીં હોય તેવી નોટો અને પોણા બસ્સો વર્ષ જુના સિક્કાઓનું છે કલેક્શન

અમિતભાઈએ જણાવ્યું કે મારી પાસે ગાંધીજીના ફોટા વગરની 1, 2, 5, 10, 50, 100 રૂપિયાની 200થી 250 નોટોનું કલેક્શન છે. સ્ટારવાળી પણ 50, 100, 500 રૂપિયાની ઘણી નોટો છે. જે નોટમાં સ્ટાર હોય તેનું મૂલ્ય વધારે મળે. જેમકે, સ્ટારવાળી 500 રૂપિયાની નોટ હોય તો બેન્ક તરફથી 550 કે 600 કે 1000 રૂપિયા પણ મળે. મારી પાસે 1833 થી 1947ની વર્ષ સુધીના એક પઈ, બે પૈસા, ત્રણ પૈસાના કોઈનનો ખજાનો છે. ચાંદી મિક્સ હોય એવા મોટી સાઈઝના 5 રૂપિયાના કોઈન્સ પણ છે.

## મારા દાદાના કલેક્શનનો શોખ મેં અપનાવ્યો, હું 30 વર્ષથી યુનિક વસ્તુઓનું કલેક્શન કરું છું: અમિત જરીવાલા

અડાજણમાં રહેતા અને વ્યવસાયે સિવિલ એન્જીનીયર અમિતભાઈ જરીવાલાએ જણાવ્યું કે, મારા દાદા વર્ષમાં 4 મહિના જ સુરત રહેતા બાકીના 8 મહિના સુરત બહાર ફરતા ત્યારે તેઓ યુનિક વસ્તુઓ લઈ આવી સંગ્રહ કરતા. તેમનો આ શોખ મેં અપનાવી લીધો. મારી પાસે ફાટેલી કરન્સી નોટોનું પણ કલેક્શન છે. મારી ફોઈએ પણ મને ઘણી એન્ટિક વસ્તુઓ વારસામાં આપી છે. મારો સંગ્રહ મારી વાઈફ સાચવે છે. તે જ તેની સફાઈ કરે અને વ્યવસ્થિત ગોઠવે છે. મારા આ શોખમાં મને મારી વાઈફ સપોર્ટ કરે છે. જોકે, ક્યારેક તે અકળાતી પણ હોય કે, તમારો શોખ મને ભારે પડી રહ્યો છે. મારા બાળકો પણ યુનિક કરન્સી નોટો અને કોઈનનું કલેક્શન કરતા હોય છે. તેમનું કલેક્શન અલગ રાખેલું છે.

